

શ્રીસ્વામિનારાયણ મંદિર,
કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

જુલાઈ-૨૦૨૫



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

જુલાઈ, ૨૦૨૫







: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૧ અષાઢ સુદ-૧૦, તા.૦૫/૦૭/૨૦૨૫ શનિવાર



www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


## અનુક્રમણિકા


3 ચાર પ્રકારની સમજણ બદલો
- પ.પૂ.શ્રીગુરુજી

4 જીવન મહોત્સવ કેવી રીતે બને ?
- પ.પૂ.શ્રીગુરુજી

6 સુખી પરિવારનું રહસ્ય
- સાધુ ઈશ્વરચરણદાસ

9 માલમી
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

10 અહો ! આવા ભગવાન નહિ મળે...
- સાધુ સાકારસ્વરૂપદાસ

12 ભક્તોના ભાવ, પૂરે મારો માવ !
- સાધુ વર્ણિવેષદાસ

14 સંત સમાગમની આવશ્યકતા
- સાધુ પ્રસન્નવદનદાસ

16 સંપની આપત્તિ
- સાધુ સંકીર્તનદાસ

18 ભૂલકણો મિત્ર
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

20 જગદીશ્વરનું જજમેન્ટ
- સાધુ મૂર્તિસ્વરૂપદાસ

22 સંત પરમ હિતકારી
- સાધુ અનાદિસ્વરૂપદાસ

23 સત્સંગ સમાચાર


## સત્સંગ સુધા

માને નહિ જે મોટાનું, પામે તે મોટું દુઃખ;
જ્ઞાન મોટાનું માને તે, પામે અતિશે સુખ...૦૧
મનને ગુરુ કરશો નહીં, ગુરુ કરો કોઈ સંત;
સંત વચનને માન્યાથી, જ્ઞાન પમાય ભગવંત...૦૨




# ચાર પ્રકારની સમજણ બદલો

ચાર સમજ બદલવાની છે, તો કામ બધું થૈ જાય;
જ્ઞાન જો તે બદલો તો, પ્રભુને પામી જવાય...૦૧

દેહ મનાણો તે સ્થાને, આત્માને માનો જ્ઞાન;
બ્રહ્મ-ધામભાવે કરી, સ્વમાં ધારો ભગવાન...૦૨

દેહના સંબંધી સ્થાને, ભક્તોને માનો જ્ઞાન;
સંબંધીના જેવી પ્રીતિ, તેમાં જ કરો મહાન...૦૩

આ લોકસ્થાને માનો, અતિ પ્રિય અક્ષરધામ;
જ્ઞાન એ જ રહેવા સારુ, જાણો નિજનું મુકામ...૦૪

માયિક વિષયસુખ માન્યું છે, તેથી અધિક અપાર;
હરિમૂર્તિમાં સુખ માનો, જ્ઞાન કરી અતિ પ્યાર...૦૫

જલ્દી આ ચાર સમજને, બદલી નાખો ચાય;
જ્ઞાન એનું જ નામ સાચો, સત્સંગ કર્યો ગણાય...૦૬



રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ
(સં.૨૦૮૧, જેઠ સુદ-૧૧; ભીમ એકાદશી તા.૦૭/૦૬/૨૦૨૫, કુંડળધામ)

કથામૃતમ્


પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૦૩/૦૭/૨૦૨૩ ને સોમવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં કરેલ મનનીય પ્રવચન

# જીવન મહોત્સવ કેવી રીતે બને ?

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

યોગાનંદ સ્વામીના યોગમાં આવેલા સાવરકુંડલાના એક આલા ખુમાણ હતા. એ ભગવાનના એકાંતિક ભક્તરાજ હતા. જ્યારથી તેમણે યોગાનંદ સ્વામી પાસે વર્તમાન ધારણ કર્યા, ત્યારથી શ્રીહરિની નાની-મોટી તમામ આજ્ઞાને શિરસાટે પાળતા અને અખંડ ભજન કરતા.

એકવાર એ આલા ખુમાણની કુહાડીનો હાથો ભાંગી ગયો. તેઓ મનમાં સંકલ્પ કરતા હતા કે, હાથાનું કાંઈક લાકડું મળે તો લાવવું છે. અને એમ ને એમ સંકલ્પ કરતાં રાત્રે સૂઈ ગયા. તેમને રાત્રે સ્વપ્નું આવ્યું કે, તેઓ ઘોડે ચડીને સીમમાં હાથો કાપવા જતા હતા. એમાં રસ્તામાં કોઈકનો એક તૈયાર હાથો પડેલો ભાળ્યો. એમને વિચાર થયો કે 'લીલું ઝાડ કાપવા કરતાં આ તૈયાર હાથો લઈ લઉં.' પછી ઘોડીથી નીચે ઊતરીને જેવો હાથો લેવા ગયા, ત્યાં તો એમને સ્વપ્નમાં જ સ્મૃતિ આવી જે, 'હું સ્વામિનારાયણ ભગવાનનો ભગત છું, તેથી મારાથી કોઈની પડી વસ્તુ લેવાય નહીં; આ એક પ્રકારની ચોરી જ કહેવાય.' આવી દૃઢતા હોવાને કારણે આલા ખુમાણે સ્વપ્નમાં પણ કોઈની વસ્તુ લીધી નહિ, તો જાગ્રતમાં તો કેવી રીતે લે ? યોગાનંદ સ્વામીની કૃપાથી તેઓ આવા પંચવર્તમાને પૂરા શૂરા, શ્રીહરિની નિષ્ઠાવાળા અને સત્સંગ કરવામાં શૂરવીર હરિભક્ત બન્યા હતા.



આ આલા ખુમાણ ગુરુની કૃપાથી 'સ્વામિનારાયણ' મહામંત્રના નામની ધૂનના પ્રતાપે અનેકનાં ભૂતો કાઢતા; પરંતુ સ્વપ્નમાં કુહાડીનો તૈયાર હાથો લેવાનો માત્ર સંકલ્પ થઈ ગયો, તે દિવસથી ભૂત નીકળતાં બંધ થઈ ગયાં. ભલે એમણે વસ્તુ લીધી નહિ, પણ સ્વપ્નમાં પારકી વસ્તુ લેવાના સંકલ્પનું આવું પાપ લાગ્યું. પછી તો તેઓ તરત જ ગઢપુર આવ્યા. પોતાના ગુરુદેવ યોગાનંદ સ્વામીને દંડવત કર્યા, પગે લાગ્યા અને નિષ્કપટપણે સર્વે વાત કહી આ પાપનું પ્રાયશ્ચિત કર્યું. પછી ગુરુકૃપાથી પ્રથમથી પણ સવાઈ શક્તિ પામ્યા અને સંસારમાં રહ્યા થકા

જનકરાજા જેવા નિર્મોહી અને નિર્બંધ બની ગયા. આ છે મોટાપુરુષના સત્સંગનો, કૃપાનો પ્રતાપ. આ રીતે **જેના ઉપર ગુરુની કૃપા થાય એ જીવ તરી જાય છે.**



વહાલા ભક્તો ! આપણે આપણું જરા તપાસવું કે, આપણે પંચવર્તમાન પાળીને ભજન કરીએ છીએ ? આજ્ઞાએ સહિત ઉપાસના થાય છે ? આજ્ઞા તૂટતી નથી ને ? ઉપાસનામાં લોચા તો નથી ને ? આજ્ઞા અને ઉપાસના બેય સાથે જોઈએ. બંને એકબીજાનાં સપોર્ટર છે. જેટલી ઉપાસના થાય એટલી આજ્ઞા પાળવાની શક્તિ મળે અને જેટલી આજ્ઞા પળે એટલી ઉપાસના આપણી વધારે જોરદાર થાય છે.

અમદાવાદની એક મેડિકલ કોલેજના ડોક્ટર સાહેબને એમની મા, દિવાળી બાએ એવું કહેલું, “બેટા ! તારા ગુરુની કૃપાથી તું આજે મોટો સાહેબ થયો છે.” અને પછી જે શબ્દો કહ્યા એ કાળજે કોતરી લેવા જેવા છે : “બેટા ! **ગુરુનો સારથિ થાજે, સ્વાર્થી ના થાતો.** તું તારું કાંઈક કામ કાઢી લેવા સ્વાર્થી બનીને ગુરુને ઉલ્લુ બનાવતો નહિ, કપટ કરતો નહિ, એનું દિલ તોડી નાંખતો નહીં; નહિ તો ગમે એટલો કરગરીશ તોય પછી સાંધો કે રેણ થશે નહીં.”

આ જીવન એક રણમેદાન છે. યુદ્ધમેદાનમાં સારથિ યોદ્ધા જેટલો જ મહત્ત્વનો વ્યક્તિ હોય છે. સારથિ આગળ બેઠો હોય એટલે બાણ તો એનેય વાગતાં હોય, પણ મરી જાય તોય રથ મૂકીને ભાગે નહિ; એને સારથિ કહેવાય. અને સ્વાર્થી હોય તો રથીને રથમાં પડ્યો મૂકીને ભાગી જાય. જ્યારે યુદ્ધ કરનારા રથીને યુદ્ધ કરતાં કરતાં વાગી જાય, તો સારથિ ગમે એમ કરીને, મડદાં ઉપરથી પણ રથ હંકારીને, સૈન્યમાંથી સોંસરો કાઢી લે અને એના યોદ્ધાને બચાવી લે; એને સારથિ કહેવાય. સ્વાર્થીની આ દુનિયામાં કાંઈ તાણ નથી. સાચા શ્રીકૃષ્ણ જેવા સારથિ મળે તો આપણો બેડો પાર થઈ જાય !

એકવાર એક શિષ્યએ નમ્રતાપૂર્વક પોતાના ગુરુજીને પૂછ્યું, “હે ગુરુજી ! કોઈક લોકો એવું કહે છે કે, જીવન એક સંઘર્ષ છે, યુદ્ધભૂમિ છે. કોઈક એવું કહે છે કે, જીવન એક ખેલ છે-રમત છે. કોઈક એવું કહે છે કે, જીવન એક રંગભૂમિ છે, તો કોઈક કહે છે, જીવન એક ઉત્સવ છે; તો આમાં સાચું શું ?” પછી ગુરુએ ધીરજતાથી ઉત્તર આપતાં કહ્યું, “હે શિષ્ય ! ઉપરોક્ત તમામ લોકો સાચું કહે છે.” ત્યારે આશ્ચર્યથી ગુરુ સામે જોઈને શિષ્યએ કહ્યું, “એ કઈ રીતે ?”

ગુરુએ જવાબ આપતાં કહ્યું : “જે લોકોને જીવનમાં ગુરુ મળ્યા જ નથી; એમનું જીવન એક સંઘર્ષ છે. એને જીવનમાં બધી જ કઠણાઈ, માથાકૂટ, ઉપાધિ રહેવાની કેમ જે, એને કોઈ ગુરુ નથી. જેમને ગુરુ મળી ગયા છે એને જીવન ડાબા હાથનો ખેલ છે, એને કોઈ તકલીફ જ નથી. જેને ગુરુ મળ્યા છે છતાં પોતે દંભી છે, કપટી છે, ગુરુને ઉલ્લુ બનાવે છે; એનું જીવન એક નાટક છે. નાટકમાં તો શું સાચું હોય ? એને માટે જીવન એક રંગભૂમિ કહેવાય. અને વહાલા ભક્તો ! જે લોકો ગુરુને પામીને, ગુરુના બતાવેલા માર્ગ ઉપર નિષ્કપટપણે ચાલે છે; એમને માટે જીવન એક ઉત્સવ છે. એનું જીવન આનંદથી ભરેલા મહોત્સવ જેવું બની જાય છે.”



# સુખી પરિવારનું રહસ્ય

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



"જય સ્વામિનારાયણ પદમશીભાઈ !"

"જય સ્વામિનારાયણ ! કેમ કાંઈક ચિંતામાં હો એવું લાગે છે." "હા ભાઈ ! મારે ઘરમાં કુસંપની ઉપાધિ વધી રહી છે. જો થઈ શકે તો તેનો ઉકેલ કરી આપો તો આપનો જીવનભર ઋણી રહીશ."

"અરે કરમશીભાઈ ! તમે મારા ગુરુભાઈ છો, તમારું દુઃખ એ મારું દુઃખ છે. સંકોચ વિના બોલો, પ્રભુકૃપાથી મને જે કાંઈ ખબર હશે તે બધી મદદ કરીશ."

"ભાઈ ! તમારે ૩ દીકરા, ૩ વહુ અને ૨ દીકરી છે, છતાં તમારું કુટુંબ અતિ સંપીલું છે; જ્યારે મારે ૨ દીકરા અને ૧ દીકરી ત્રણ જ છે, છતાં ડખાનો પાર નથી. તમારા પરિવારના સર્વે સભ્યો અતિ સમજણા અને મારે બધામાં કાંઈક ને કાંઈક પ્રોબ્લેમ છે. એનું મારે શું કરવું ?"

"કરમશીભાઈ ! બે-પાંચ વાસણ ભેગાં થાય અને ખખડે નહિ એવું તો ન બને, પણ આપણે તેને એ રીતે ગોઠવવાનાં હોય જેથી અવાજ ઓછામાં ઓછો આવે."

"ભાઈ ! ગોઠવતાં-ગોઠવતાં તો ગઢપણ આવી ગયું. હવે તો મને ક્યાંઈક ભાગી જવાના વિચારો આવે છે." "એવું ન બોલો કરમશીભાઈ ! ખરેખર થાય છે શું ? તમારા પ્રોબ્લેમ મને જણાવી શકો ?"

કરમશીભાઈએ આજુબાજુ નજર નાખી. પછી ધીમેથી કહ્યું, "મારો નાનો દીકરો બહુ જ કહ્યાગરો. કોઈ પણ કામ તરત કરી આપે, પણ ઘણી વાર થાય છે એવું કે તેની કાર્યશૈલી મોટાને બિલકુલ સેટ નથી થાતી. પછી તે કાંઈ જ રસ ન લે. પછી તે તેની બહેન કે 'મા'ની આગળ જ્યારે ઊભરો ઠાલવે ત્યારે ઘરનું બધું વાતાવરણ બગડી જાય છે."

"તો કરમશીભાઈ ! તમે તે કાર્ય મોટાને જ સોંપો તો ?" "તો એવું થાય કે તે મોટેભાગે ના જ પાડે. કારણ કે, તેને તેમાં શું શું તકલીફ પડે એ જ વધુ દેખાય. જો હા પાડે અને કામ સંભાળે તો પછી તેમાં કાંઈક ટકોર કરવા જેવું હોવા છતાં કોઈથી કહેવાય નહીં. કારણ કે, તેને દુઃખ બહુ લાગી જાય છે."

"આમાં તમારી દીકરી કાંઈ રોલ ન ભજવી શકે ?" "એનું એવું છે કે જે પહેલા ફરિયાદ કરે તેનું જ તેને બધું સાચું લાગે. મોટા દીકરાને જે કાંઈ ન ફાવતું હોય તે તેની પાસે બોલે એટલે દીકરી એને સપોર્ટ કરે. નાનો મોટેભાગે કોઈની ભૂલ નજરમાં લેતો નથી."

"તમારા ઘરનાં(પત્ની) આમાં કાંઈ ઉપયોગી ન થાય ?" "એ બહુ લાગણીવાળી ને ભોળી ભગત છે. એટલે મેં તેને આમાં માથું મારવાની જ ના પાડી છે. છતાં જો કાંઈક બોલે તો પછી હું બરાબરનો ખીજાઉં, ક્યારેક તો આંટીય દઉં."

"અરે ભાઈ, એવું કેમ ?" "શું કરું પદમશીભાઈ ! બીજો કોઈ રસ્તો જ નથી. નાનો કામ કરે બધાં, પણ બધી બાબતે પૂરું વિચારે નહીં. મોટો કરે નહિ, ને જો કરે તો પછી ભૂલ હોય છતાં કહેવાય નહીં. એની માને લાગણી સિવાય બીજી ભાન પડે નહીં. એટલે બધી જવાબદારી મારે માથે. પછી ગુસ્સો આવી જાય ત્યારે ગમે તે બોલી નાખું."

"કરમશીભાઈ ! હવે પ્રભુકૃપાથી મને જે સમજાય છે તે કહું. તેમાં તમને કાંઈ પ્રશ્ન થાય તો પૂછજો.

ભગવાને આ સૃષ્ટિ બનાવી છે તેમાં ચાહીને એવી વિવિધતા રાખી છે. કેમ જે, જીવનમાં તે બધાની જરૂર પડે છે. આપણે તેની જરૂરિયાત સમજી તેનો યોગ્ય ઉપયોગ કરવાની જરૂર હોય છે. વિવિધતા એટલે જુદાં-જુદાં વ્યક્તિત્વ, ભિન્ન-ભિન્ન સ્વભાવ અને અલગ-અલગ પાત્રતા. માનવજીવનને સુખી અને સુરક્ષિત રાખવા તે બધાની જરૂર છે. પરિવારમાં અમુક વ્યક્તિનું પોઝિટિવ વલણ હોય. એને કારણે તે દરેક બાબતના ફાયદા કે સદ્‌ગુણ જેવી સારી સાઇડ વિશેષ પકડી શકે; એટલે તેને પહેલી હા આવે.

જ્યારે અમુક સભ્યનું નેગેટિવ વલણ હોય, એટલે તેને કોઈ પણ બાબતનું નુકસાન કે નબળાઈ જેવી નેગેટિવ સાઇડ પહેલી દેખાય. એટલે તેને પહેલી ના આવે. જીવનમાં એ બંનેની જરૂર છે. કેમ જે, પરિવારના તમામ સભ્યો પોઝિટિવ વલણવાળા જ હોય તો છેતરાઈ કે ફસાઈ જવાની સંભાવના વધી જાય છે. જો બધા નેગેટિવ વલણવાળા જ હોય તો બધું ન કરવા જેવું જ લાગે. બધાની નબળાઈ જોઈ-જોઈને કોઈ સાથે સંબંધ જ ન રહે. વળી, અંદરો-અંદર પણ અસુખ બહુ થાય. એટલે પ્રભુએ મનુષ્યોમાં પોઝિટિવ અને નેગેટિવનો સમન્વય કર્યો છે. બંનેને એકબીજાના પૂરક બનાવ્યા છે. સૃષ્ટિના આ નિયમનો સ્વીકાર કરી બંનેએ એકબીજાનો લાભ લેવો જોઈએ; અથવા તો જે મોટા કે મુખ્ય વ્યક્તિ હોય તેણે બંનેની વિચારધારાનો સમન્વય કરી ફાયદા કે નુકસાન શું વધારે છે ? તે તપાસી નિર્ણય લેવો જોઈએ.

એમ જ ઘરમાં મા અને બાપ બંનેની જરૂર છે. મા લાગણીપ્રધાન હોય છે. પિતા કર્તવ્યપ્રધાન હોય છે. બાપ કડકપણે કર્તવ્યનું પાલન કરે અને કરાવે. મા બધાને પ્રેમરૂપી પાણી સિંચીને પાળે-પોષે અને લાગણીથી ભેળા રાખે છે. માની લાગણીને લીધે ગાફલાઈ આવે ત્યારે પિતાજીની કડકાઈ જોઈએ. પિતાજીનું પ્રેશર વધી જાય ત્યારે માતાનો પ્રેમ પણ જોઈએ.

કરમશીભાઈ ! તમારું સંતાનો ઉપર પ્રેશર હોય ત્યારે તે બિચારા હળવા થાવા ક્યાં જાય ? માટે તેની માતાને તમે લાગણી વહાવવાની સંપૂર્ણ છૂટ આપો. કેમ જે, એ પ્રભુની વ્યવસ્થા આપણે બંધ કરીએ તો આપણને દુઃખ આવે જ. હા, ક્યારેક તેની લાગણી વધી જાય અને છોકરાનો વધુ પક્ષ લેવાય જાય, તો તમે તેને એકાંતમાં સમજાવી દેજો; એમ તમારે ક્યારેક જરૂર કરતાં વધુ વઢાય જાય, કડકાઈ વધી જાય તો તે તમને એકાંતે કહે તે તમારે પણ માનવું જોઈએ, તો બધું બેલેન્સમાં ચાલે.



બીજી એક ખાસ વાત એ કે, પરિવારના કોઈપણ સભ્યથી સ્વભાવવશ કાંઈક ભૂલ થઈ જાય, તો તેને કારણે કુસંપ ન સર્જાઈ જવો જોઈએ. એવા સંજોગોમાં પણ **સંપ તથા સ્નેહ જાળવી રાખવાનું રહસ્ય છે - સ્વભાવ કરતાં સંબંધને વધુ મહત્ત્વ આપવું.** એ મારાં ભાઈ-બહેન છે, મારાં બા-બાપ છે. મારાં સંતાન છે. આ સંબંધને મુખ્ય રાખવાથી સ્વભાવને કારણે થયેલ નુકસાન કે ભૂલને સહજ માફ કરી શકાય છે. વળી, આપણે તો ભગવાનના ભક્તો હોવાથી દિવ્ય સંબંધ પણ ધારી શકીએ કે એ મારા ભગવાનના ભક્ત અને ગુરુભાઈ પણ છે. એવી જ રીતે કોઈથી અજાણતા કે અણધારી આવી પડેલ પરિસ્થિતને કારણે કાંઈક નુકસાન થઈ જાય ત્યારે તે ભૂલ હેતુપૂર્વક નહિ, પણ પરિસ્થિતિવશાત્ થઈ જાણી ક્ષમ્ય ગણવી જોઈએ.

એક વાત ખાસ એ કે, **પરિવાર પાસે વડીલને જે અપેક્ષા હોય તેવું વર્તન વડીલમાં ખાસ હોવું જરૂરી છે.** મુખ્ય વ્યક્તિ પોતે સૌના આદર્શ હોવા જોઈએ. કેમ જે, એની વાત કરતાં વર્તનની અસર વિશેષ થતી હોય છે. કદાચ તે લીડરથી કાંઈક ચૂક થઈ જાય તો તેણે પણ નમ્રતાથી માફી માગી લેવી જોઈએ. પ્રેમપૂર્વક દિલ જીતીને કામ લેવાથી જે રિઝલ્ટ મળે તેવું કેવળ વઢવા-ટોકવાથી કે ક્રોધ કરવાથી મળતું નથી."

"પદમશીભાઈ ! તમારી સમજણને મારા વંદન. આજ તમે તો મારી અંતરની આંખો ઉઘાડી દીધી. હવે મને મારી ઘણી બધી ભૂલો સમજાય છે અને તમારે કેમ આટલું બધું સારું ચાલે છે તેનું રહસ્ય પણ પકડાઈ રહ્યું છે. "

કરમશીભાઈ ! અમારા સુખનું કારણ હું નથી. મારે પણ પહેલાં બહુ જ ભૂલો થાતી હતી. હું તમારા કરતાંય વધુ ક્રોધ કરતો. આખું ઘર ફફડ્યા જ કરતું હતું, પણ પૂ.ગુરુજીએ કૃપા કરી માથે મોટા ભક્તો રાખવાની ટકોર કરી. એને લઈને આ બધું સરખું થયું છે. હું પણ પહેલાં એમ જ માનતો કે આ બધા કાંઈ માનતા અને સમજતા નથી, એટલે મારે ગુસ્સો કરવો પડે છે; પણ પૂ.ગુરુજીની કથા સાંભળતાં અને મોટાને રિપોર્ટ આપતાં મને મારી ભૂલ પકડાણી. પછી ઘરમાં કેળવણીનું પ્રેશર અને પ્રેમ-લાગણીનું પ્રોત્સાહન; એ બંનેનું બેલેન્સ કર્યું એટલે બધું સરખું ચાલે છે.

આપણી ભારતીય પરંપરામાં એટલે જ સંયુક્ત પરિવારની બહુ ગરિમા ગવાય છે. ત્રણેય પેઢીના સભ્યો સંપીને ભેળા રહેતા હોય તો પરિવારના મુખિયાને પણ જવાબદારીના દબાણમાં કે સફળતાના છકમાં કાંઈ ભૂલ થાય તો બા-દાદા પ્રેમથી વાત કરી બચાવી લે. પરિવારના સભ્યોને પણ મુખ્ય જવાબદારની કેવી પરિસ્થિતિ હોય તે પ્રેમથી સમજાવી તેનો સ્વીકાર કરાવતા રહે. આમ અનુભવી વડીલોના પ્રતાપે બધું સરખું ચાલે.

આજ તો પ્રભુની બહુ કૃપા છે. કદાચ આપણા ઘરમાં એવા કોઈ સુજ્ઞ વડીલ ન હોય, તોપણ આપણા સદ્‌ગુરુ, સંતો કે મોટા ડાહ્યા ભક્તો જેમ શીખવાડે તેનો આપણે પોતે અમલ કરીએ અને કરાવીએ, તો જરૂર સર્વ રીતે સુખી રહેવાય છે."



# માલમી

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક શેઠ હતા. એમની પાસે લાખો રૂપિયા હતા. તેને ચાર દીકરા હતા. શેઠ પાસે પૈસા ઘણા, પણ છોકરા એવા પાક્યા કે વેપારમાં ઘણી ખોટ ગઈ અને પૈસા બધા જતા રહ્યા. શેઠના ઘરથી થોડે દૂર એક દેવમંદિર હતું. તે દેરાના શિખરનો પડછાયો આસો સુદ દશમે સવારના દશ વાગ્યે જ્યાં પડતો, તે જગ્યાએ શેઠે પોતાના છોકરાઓને ખબર ન પડે તેમ વીસ હજાર સોનામહોરો દાટી હતી. તેમણે ચોપડે આ વાત મરમમાં લખી રાખી હતી.

અમુક સમય પછી શેઠનું અવસાન થયું. તેમનો બધો વિધિ પતાવ્યા પછી છોકરાઓએ વિચાર્યું કે, "હવે આપણે ચોપડા તપાસો. બાપાએ કાંઈ રૂપિયા દાટ્યા કે સંઘર્યા છે ?" ચોપડા તપાસ્યા, તો ચોપડામાં લખેલું કે, "શિખરની અંદર આસો સુદ દશમે સવારે દશ વાગે સોનામહોરો દાટી છે." ચારેય છોકરાઓએ મજૂરો બોલાવીને શિખર પડાવી નાખ્યું, પણ સોનામહોરો નીકળી નહીં. તેમને થયું, 'ચોપડો ખોટો કે બાપા ખોટા ? શિખરમાંથી તો કાંઈ ન નીકળ્યું.'

પછી તેમણે કોઈ બુદ્ધિશાળીને આ ચોપડો બતાવ્યો. તે બુદ્ધિશાળીએ તેમને કહ્યું, "અલ્યા ! મૂરખ થાઓ મા મૂરખ. આનો અર્થ હું સમજું છું. મારે ઘેર ચાલો અને મારી પાસેથી રૂપિયા લઈ જઈ પહેલાં જેવું શિખર હતું તેવું કરી નાખો. પછી મને આસો સુદ દશમ આવે ત્યારે બોલાવવા આવજો. પછી હું તમને બતાવીશ. હમણાં તમને નહિ બતાવું." પછી નવું શિખર કર્યું અને તેનો બધો વિધિ કર્યો.

છોકરાઓએ વિચાર્યું કે, 'આસો મહિનો આવવા દો.' પછી આસો સુદ દશમે નવ વાગે છોકરા તેમને તેડવા ગયા અને કહ્યું, "બતાવો, ક્યાં છે અમારા પૈસા ? શિખરમાં નથી તો ક્યાં છે ?" પછી દશ વાગ્યા ને શિખરનો પડછાયો પડ્યો. તે જોઈને બુદ્ધિશાળીએ કહ્યું, "આંહીં ખોદો." ત્યારબાદ દેરાના પડછાયામાં હેઠે બે હાથ ખોદ્યું, ત્યાં તો વીસ હજાર સોનામહોરું નીકળી ! છોકરાઓએ એની મેળે સમજ્યા વિના શિખર પાડ્યું તો કાંઈ ફાયદો ન થયો, પણ એવા માલમી મળી ગયા તો લખાણનો ભેદ ઉકલી ગયો અને શિખરના પડછાયામાં પૈસા હતા તે મળી ગયા અને સુખી થયા.

વહાલા ભક્તો ! આપણે શાસ્ત્રનું જ્ઞાન જો આપણી મેળે સમજવા જઈએ તો શિખર પાડ્યા જેવું કરીએ અને સત્પુરુષ થકી સાંભળીએ તો વીસ હજાર સોનામહોર નીકળી, એમ થાય. શ્રીજીમહારાજે વચનામૃત મધ્યના ૧૩માં કહ્યું છે કે, "સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય, પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી." પોતાની મેળે કાંઈ શીખી શકાતું નથી. ને મેળે શીખવા જાય તો ઊલટાનું ઊંધું પડે અને નુકસાન થાય. એટલા માટે સત્પુરુષને ઓળખી તેમને સોંપાઈ જવું અને તે જેમ કહે તેમ મન, કર્મ અને વચને વર્તવું, તો કલ્યાણ થઈ જશે.

**गुरु कृपा बिन बात, होत नहि जो जो कछु;**
**जीय मन में बहु चात, मनोरथ अनेक प्रकारहि के.**



# અહો ! આવા ભગવાન નહિ મળે...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ઉમરેઠમાં શ્રીજીમહારાજના અનન્ય ભક્તરાજ નંદુભાઈ ઠાકર હતા. એકવાર તેઓ કાંઈક કામ પ્રસંગે ગોધરા ગયેલા. કામકાજ પૂરું કરી તેઓ પોતાને ઘેર આવવા માટે સાંજ વખતે ગોધરાથી ઘોડી ઉપર બેસીને નીકળ્યા. રસ્તામાં ઝાડી પ્રદેશ આવ્યો. સાંજે અંધારું થઈ જવાથી તેઓ રસ્તો ભૂલી ગયા ને ઘોડી ખોટા રસ્તે ચાલવા લાગી. ચાલતાં ચાલતાં રાત પડી ગઈ. આગળ-પાછળ કશું દેખાય નહિ, એટલે તેઓ મૂંઝાણા ને પોતાની ઘોડીને એક વૃક્ષને થડે બાંધીને પોતે ત્યાં બેસી ગયા.

હવે શું કરવું ? તે કાંઈ સૂઝતું ન હતું. ત્યાં અચાનક તેમને સાંભરી આવ્યું કે, મહારાજે એકવાર વાત કરી હતી કે, **આપત્કાળ આવી પડે ત્યારે ભગવાનને સંભારવા, તો ભગવાન જરૂર રક્ષા કરે.** એટલે તેઓ મહારાજનું સ્મરણ કરવા લાગ્યા ને પ્રાર્થના કરવા લાગ્યા કે, “હે મહારાજ ! આ ઘોર અંધારા વનમાં હું રસ્તો ભૂલ્યો છું. કોઈ હિંસક પ્રાણી આવશે તો મને મારી નાંખશે. હે ભક્તવત્સલ પ્રભુ ! આપે અનેક ભક્તોની રક્ષા કરી છે; તેમ જ આપનો દાસ એવો હું, તે આજ મારી રક્ષા કરો. આ અંધારી રાતે નિર્જન વનમાં હું કોને રસ્તો પૂછું ને કોને પોકારું ? માટે હે દયાળુ, હે અશરણશરણ ! મારી રક્ષા કરો... રક્ષા કરો..!”

આમ, તેઓ ગળતા હૃદયે પ્રાર્થના-સ્મરણ કરતા હતા ત્યાં અચાનક એક શ્વાન ભસ્યું. એટલે શ્વાનનો અવાજ સાંભળી નંદુભાઈએ તે તરફ જોયું તો છેટે એક દીવો બળતો દીઠો. તેથી પોતાને વિચાર થયો કે દીવો બળે છે માટે જરૂર ત્યાં કોઈ મનુષ્ય હોવું જોઈએ. પછી દીવાના પ્રકાશને આધારે તેઓ ત્યાં ગયા. જોયું તો ત્યાં એક ઝૂંપડી હતી અને તેમાં એક સિપાઈ બેઠો હતો, એટલે નંદુભાઈએ તેની પાસે જઈને પૂછ્યું કે, “ભાઈ તમે કોણ છો ?” ત્યારે તે સિપાઈ કહે, “અમે સરકારી માણસ છીએ, અહીંયાં ચોકી કરીએ છીએ.” ત્યારે નંદુભાઈ કહે, “હું રસ્તો ભૂલ્યો છું, તો મને અહીંયાં

INDEX

રાત રહેવા દેશો ?" ત્યારે સિપાઈએ કહ્યું, "સુખેથી રહો, અમે માણસોની રક્ષા કરવા સારુ જ અહીંયાં રહ્યા છીએ."

પછી તે સિપાઈએ નંદુભાઈની ઘોડી ત્યાં ઝૂંપડીની બાજુમાં બંધાવીને ખડ નીર્યું અને નંદુભાઈને કહ્યું, "તમારે કાંઈ જમવું છે ?" નંદુભાઈ કહે, "ના, મારે જમવું નથી." પછી તે સિપાઈએ નંદુભાઈને ઠંડું પાણી પાયું ને ખાટલો ઢાળીને સુવાર્યા અને તેમની પગચંપી કરવા લાગ્યા. નંદુભાઈ ના પાડવા લાગ્યા, તોપણ સિપાઈ પગ દાબવા લાગ્યા. નંદુભાઈ થાકેલા તો હતા જ, એટલે થોડી જ વારમાં ઘસઘસાટ ઊંઘી ગયા. પછી જ્યારે સવાર થવા આવ્યું એટલે સિપાઈએ તેમને જગાડ્યા ને કહ્યું, "હવે અજવાળું થવા આવ્યું છે, ચાલો હું આપને રસ્તો બતાવી દઉં." એમ કહી રસ્તો બતાવ્યો. નંદુભાઈ પોતાની ઘોડી પર સવાર થઈ ચાલતા થયા, પણ મનમાં એકધારા વિચારો ચાલતા હતા કે આ ઘોર ઝાડી પ્રદેશમાં કોઈ માણસ રહે નહિ; કાંઈક મહારાજ તો સિપાઈ રૂપે મારી રક્ષા કરવા નહિ આવ્યા હોય ને !!

આમ, વિચાર કરતાં થોડે આગળ ગયા ત્યાં કોઈ માણસ સામા મળ્યા. તેમને પૂછ્યું કે, "અહીંયાં આ ઝાડીમાં કોઈ ચોકીદાર રહે છે ?" ત્યારે તે માણસો કહે, "અહીંયાં એવી ચોકી કરવાનું કોઈ થાણું નથી." તે સાંભળી નંદુભાઈ ખાતરી કરવા પાછા વળી જ્યાં પોતે રાત રહ્યા હતા તે ઠેકાણે જોવા ગયા. ત્યાં જઈને જોયું તો ઝૂંપડી કે સિપાઈ કોઈ હતું નહીં. જ્યાં પોતાની ઘોડી બાંધી હતી ત્યાં થોડી લાદ પડેલી હતી અને ઘોડીને ખડ નીરેલું તે પડ્યું હતું, પણ બીજું કાંઈ હતું નહીં. તેથી નંદુભાઈએ જાણ્યું કે, નક્કી સિપાઈ રૂપે સાક્ષાત્ શ્રીજીમહારાજ જ મારી રક્ષા કરવા આવ્યા હતા.

નંદુભાઈને હૈયામાં ખૂબ આનંદ થયો, મહારાજનો ખૂબ આભાર માન્યો; પણ સાથોસાથ મનમાં દુઃખ થયું કે મહારાજે મારી રક્ષા તો કરી, પણ મહારાજે મારા પગ દાબ્યા ને મેં દાબવા દીધા; એ મેં મહારાજનો મોટો અપરાધ કર્યો. પછી તેઓ ઉમરેઠ નહિ જતાં સીધા વડતાલ ગયા. મહારાજ વડતાલ સભામાં બિરાજમાન હતા. નંદુભાઈએ ત્યાં આવી મહારાજને દંડવત કર્યા ને પગે લાગ્યા. આંખમાં આંસુ આવી ગયાં ને કહેવા લાગ્યા, "અરે મહારાજ ! મેં આપનો અપરાધ કર્યો છે. ગોધરાની ઝાડીમાં આપે મારી રક્ષા કરી તે તો ઠીક, પણ આપે જે મારા પગ દાબ્યા; એ અપરાધમાંથી હું ક્યાં છૂટીશ ? માટે હે મહારાજ ! મારા એ અપરાધને માફ કરો, પ્રભુ માફ કરો." ત્યારે મહારાજ હસતાં હસતાં કહે, "નંદુભાઈ ! ક્યારેક સેવક પગ દાબે અને ક્યારેક ગુરુ પણ પગ દાબે; તે અપરાધ ન કહેવાય. તમો અમારી સેવા કરો છો, તેથી મેં તમારી સેવા કરી છે; માટે ચિંતા કરશો નહિ આનંદમાં રહેજો." એમ કહી મહારાજ થાળ જમવા પધાર્યા અને નંદુભાઈને સાથે લઈ ગયા ને મહારાજે થાળ જમીને નંદુભાઈને પ્રસાદી આપીને રાજી કર્યા.

વહાલા ભક્તો ! ભક્તને જો કોઈ વહાલું હોય તો તે ભગવાન છે, અને ભગવાનને જો કોઈ વહાલું હોય તો તેના ભક્ત છે; આમ ભક્ત અને ભગવાન અરસ-પરસ પ્રેમ સાંકળથી બંધાયેલા છે. **જ્યારે ભક્ત ભગવાનને પોતાનું સર્વસ્વ અર્પણ કરી મન-કર્મ-વચને સોંપાય જાય છે, ત્યારે ભગવાન પણ પોતાના ભક્તને આધીન થઈને રહે છે.** મહારાજે પણ વચ.ગ.મ.૨૮માં કહ્યું છે કે, "જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું."

અહો ! આવા દયાળુ ભગવાન ક્યાં મળે ? એટલે જ તો પૂ.ગુરુજીએ એક કીર્તનમાં કહ્યું છે...

**આવા ભગવાન નહિ મળે, અહો ! આવા ભગવાન નહિ મળે;**
**જેને સંભારો ત્યાં શાંતિ વળે...અહો !**

આવા મહાકૃપાળુ ભક્તવત્સલ ભગવાન શ્રીસ્વામિનારાયણ આપણને મળ્યા છે, માટે એમનું અખંડ સ્મરણ કર્યા કરવું; તો એ સર્વ પ્રકારે આપણી રક્ષા કરશે જ.





# ભક્તોના ભાવ, પૂરે મારો માવ!

લેખક : સાધુ વર્ણિવેષદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ગુરુજી ઘણી વાર કહે છે કે, મહારાજ સાથે વાતો કર્યા કરવી. અને થોડા દિવસ પહેલાં સવારની કથામાં ભગવાનને ફોન લગાવીને વાતો કરવાની ભાવના શીખવી હતી. અને ચંદનના વાઘા દરમિયાન ગુરુજી પોતાના સેવનીય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ સાથે ખૂબ વાતો કરતા. તે પણ આપણે જોયું છે. કોઈ પણ રીતે ભગવાન સાથેના સંબંધનો તાર એકધારો ચાલુ રહે તો મુક્ત થતા વાર ન લાગે. તે માટે પૂ.ગુરુજીની કૃપાથી અત્યારે ઘરોઘર બાલુડા ઘનશ્યામ, રાજાધિરાજ વગેરે સ્વરૂપો બિરાજમાન છે. સર્વે ભક્તો આ સ્વરૂપોને પોતાના ફેમિલી મેમ્બર માની ખૂબ લાડ લડાવે છે, સાચવે છે અને વહાલા પ્રભુજી ભક્તોના ભાવ પૂરા પણ કરે છે. આવાં જ એક પ્રગટ પ્રભુની સેવામાં રહેનારાં સ્ત્રી ભક્ત; કે જેમના હૃદયમાં ભગવાન પ્રત્યે ખૂબ જ ભક્તિભાવ છે; એવા સવિતાબાની વાત કરવી છે.

સવિતાબાની ઉંમર તો ઘણી હતી. શરીરે સ્વસ્થ હતાં, પણ પોતે એકલાં હતાં. તેથી બાળસ્વરૂપ લાલજી એ જ એનું જીવન હતું. તેઓ લાલાની સેવા-પૂજા કરવી અને સર્વે ક્રિયામાં સતત બાલપ્રભુ જોડે પ્રગટભાવથી વાતો કરીને દિવસો વિતાવતાં હતાં.

પોતાને રહેવા માટે એક મકાન હતું. પાડોશીઓની સલાહથી પોતાનું મકાન એક બીજા પાડોશીને વેચી દીધું, પણ જીવે ત્યાં સુધી એક ઓરડો અને રસોડું વાપરવાની બોલી રાખી હતી. આવેલ પૈસા બેંકમાં મૂકી દર મહિને આવતા વ્યાજમાંથી પોતાનું ગુજરાન ચલાવી લેતાં.

વળી, તેમના ઘરની નજીક એક પવિત્ર નદી હતી. સારો વરસાદ થવાને કારણે નદીમાં વહેણ ચાલુ થઈ ગયું હતું. એટલે સવિતાબાએ નદીએ ન્હાવા જવાનું ચાલું કર્યું. વહેલા ઊઠીને ન્હાવા જાય અને લાલાની સેવા માટે ગાગરમાં જળ ભરીને લેતા આવે.

એક દિવસ નદીએથી પાછા વળતાં આછા અંધારામાં રસ્તા પરથી એમને અછોડો(સોના-રૂપાની ગળે પહેરવાની તારની ગૂંથેલી સાંકળી) મળ્યો. તે તેમણે લઈ લીધો ને મનમાં બબડ્યાં... ‘સાચો હશે કે



ખોટો..? કોનો હશે..? એ મારો ભગવાન જાણે..!' એમ વિચારતાં પાણીની ગાગર અને મળેલો અછોડો પાણિયારે મૂકી સવિતાબા લાલાની સેવા કરવા લાગ્યાં.

એક કલાકથી વધુ ચાલતી સેવામાં, લાલાના ભોગ માટે મિસરી મૂકીને લાલા સાથે વાતે વળગ્યાં. 'લે, આજ મિસરીથી ચલાવી લે હો ! ઘી નથી તો મોહનથાળ શેનો કરું ? **તારે તો ઘી સિવાય બીજું ચાલેય નહિ ને ?** આ મહિને દવામાં પૈસા વાપરવા પડ્યા, એટલે વહેલા ખૂટી ગયા છે. હજી ચાર દિવસની વાર છે...લાલા. પછી વ્યાજ આવશે. ત્યાં સુધી રોજ મિસરી જમવા મળશે હો ને વાલા !!!'

આમ, પ્રગટભાવથી લાલાને લાડ લડાવતાં અને સેવા કરતાં. આવો તેમનો રોજનો ક્રમ બની ગયો હતો. અને રોજ સેવા પૂરી થાય એટલે પાડોશના છોકરા પ્રસાદ લેવા આવી જાય. આજે એક નાના છોકરાએ કહ્યું, "બા.. બા..! મને મોહનથાળ બહુ ભાવે. આવી મિસરી બહુ ન ભાવે." આ સાંભળી બા ભાવુક થઈ ગયાં અને વિચારે ચડી ગયાં, 'મારા પ્રભુએ તો છોકરાના મોંમા વાણી નહિ મૂકી હોય ને ?' પછી એ ઘરમાં આવ્યાં અને પાણિયારેથી અછોડો લઈ ખાટલે બેઠાં અને બરાબર તપાસ્યો.

'છે તો સાચો ! સવા દોઢ તોલા જેટલો લાગે છે અને આના ઘણા પૈસા આવશે. પછી મોહનથાળ માટે ઘી નહિ ઘટે.' એમ વિચારતાં ખાટલામાં આડાં પડ્યાં ને વિચારે ચડ્યાં કે, 'કાનુડો હતો જ તોફાની. એને તોફાન સૂજ્યું હશે, તે કોકનો અછોડો લઈને મને આપવા મારી આડે રસ્તા પર નાખી ગયો.'

પાછો બીજો વિચાર આવ્યો, 'હા, એ તોફાની તો હતો. ગોપીઓના ઘરમાંથી માખણ ચોરી ખાતો ને રસ્તે આતરીને લૂંટી ખાતો; પણ એ તો પ્રેમનું ચોરતો, પ્રેમનું લૂંટતો !! ગોપીઓ જાણી જોઈને માખણની માટલી રેઢી મૂકી દેતી. જાણી જોઈને તે ગાયો ચારતો હોય તે રસ્તે મહી વેચવા નીકળતી અને લુટાતી. તો મારો લાલો અણહકના અછોડાના પૈસાનો મોહનથાળ શા માટે ખાય ? ન જ ખાય ને...' એમ વિચારતાં બા ઊભાં થયાં. બાળપ્રભુ પાસે જઈને બોલ્યાં, 'તને ભાવે કે ના ભાવે હમણાં તો હું મિસરી જ જમાડીશ.'

પછી બહાર આવીને પાડોશી સ્ત્રીઓને અછોડો બતાવ્યો. તપાસ કરતાં ખબર પડી કે એ અછોડો ત્રીજી શેરીમાં રહેતા મોહનભાઈના દીકરાની વહુનો હતો. પછી પાડોશણોએ એ ભાઈના ઘરે જઈ વિગતવાર પૂછપરછ કરીને આપી દીધો. અને બા ઘરે પાછા આવી ઘરમાં લાલાની સેવાની તૈયારીમાં કામે વળગ્યાં. બધું વાળી-ચોળી સાફસૂફ કરીને બેઠાં.

એટલામાં મોહનભાઈના દીકરાની વહુ આવી અને બોલી, "બા, મને કેટલું પેટમાં બળતું હતું ! તમને અછોડો મળ્યો તે સારું થયું. બીજાને હાથ પડ્યો હોત તો પાછો ન આવત. આપે ખૂબ મદદ કરી." વળી કહે, "મારા સસરાએ કહ્યું છે કે, બા ખૂબ પવિત્રપણે લાલાની સેવા-પૂજા કરે છે; એટલે લાલા સારુ પ્રસાદ રાંધવા ઘી, લોટ ને ખાંડ બજારમાંથી લઈ આવી છું. બધું કિલો કિલો છે...બા !" સવિતાબાએ સીધું-સામાન ઠેકાણે મૂક્યાં. લાલાની તરફ જોઈને બોલ્યાં, "મારો રોયો ખાધોકડો ! મોહનથાળનું ગોઠવી લીધું હો !!!"

વહાલા ભક્તો ! આમ જે ભગવાનના થઈને રહે છે અને ભગવાનને પ્રગટ માની તેમની સેવા-પૂજા કરે છે, તેમની સાથે વાતો કરે છે; તેનાં સર્વે કામ ભગવાન કરે છે.

**આઠ પ્રકારની હરિમૂર્તિ, નવમા સાચા સંત;**
**જ્ઞાન એમાં અખંડ છે, સાક્ષાત્ શ્રીભગવંત.**

અંતમાં વહાલા મહારાજ, પૂ.ગુરુજી અને સંતો-ભક્તોના ચરણોમાં અંતરપૂર્વક પ્રાર્થના કે, "મને પણ વહાલા ઘનશ્યામ મહારાજમાં પ્રગટભાવ રહે, ખૂબ હેત થાય, વાતો થાય અને દાસભાવે-નિષ્કામભાવે સેવા કરી આપ સર્વેને રાજી કરી શકું એવી કૃપા કરશો."

INDEX



# સંત સમાગમની આવશ્યકતા


લેખક : સાધુ પ્રસન્નવદનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી


કચ્છને વિશે ખોખરા ગામમાં શ્રીજીમહારાજના એકાંતિક ભક્ત સુતાર વાઘજીભગત રહેતા હતા. તેમણે એક સમે પોતાના કાકા સુતાર રામભાઈને કહ્યું, “હે કાકા ! આપણું ગામ પ્રસાદીનું છે. કારણ કે આપણા ગામમાં શ્રીજીમહારાજ ઘણું રહ્યા છે. તેથી આપણા ગામમાં દર્શન કરવા માટે દેશ-પ્રદેશથી સંતોનાં મંડળો આવે છે અને વળી હરિભક્તો પણ આવે છે. માટે જો એક સારું મંદિર કરાવીએ તો સંતો તથા હરિભક્તોને ઉતારા માટે કામમાં આવે અને આપણને પણ ભજન-ભક્તિ કરવાનું સાનુકૂળ પડે. ત્યારે તે વાત કાકા રામભાઈને પ્રિય ન લાગી.

ત્યારપછી વાઘજીભાઈએ તો તે મંદિર કરવાનું કામ પોતા ઉપર લઈને શરૂ કર્યું. રામભાઈ મંદિરના કામમાં મદદ પણ બહુ ઓછી કરતા હતા, તોપણ વાઘજીભાઈ તો શ્રીજીમહારાજ તથા સંત-હરિભક્તની પ્રસન્નતા માટે મંદિરનું કામ ઘણા ઉત્સાહપૂર્વક કરવા લાગ્યા. પછી જ્યારે તે મંદિરનું કામ પૂર્ણ થયું ત્યારે એક સમયે વૈશાખ માસમાં રાત્રે રામભાઈ પોતાના ઘરના આંગણામાં ખાટલા ઉપર સૂતા હતા. અર્ધરાત્રિનો સમય હતો. તે સમયે શ્રીજીમહારાજે દિવ્ય સ્વરૂપે આવીને સૂતેલા રામભાઈને સોટી મારીને જગાડ્યા. ત્યારે રામભાઈ તત્કાળ જાગ્રત થયા અને પોતાની સમીપે શ્રીજીમહારાજને જોયા. રામભાઈ શ્રીજીમહારાજને મળેલા હતા, તેથી તેમણે શ્રીજીમહારાજને તત્કાળ ઓળખી લીધા. તે શ્રીજીમહારાજ સાથે ઘણી વખત ફરેલા હતા. તેથી આ તો શ્રીજીમહારાજ જ છે એમ જાણીને તત્કાળ ઊઠીને દંડવત કરવા લાગ્યા. ત્યારપછી પૂછવા લાગ્યા જે, “હે મહારાજ ! આપ અત્યારે અચાનક ક્યાંથી પધાર્યા ?” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “હે રામભાઈ ! અમે અત્યારે આ ખોખરા ગામમાં તમારા ભત્રીજા વાઘજીભાઈએ જે મંદિર કરાવેલ છે, તેને જોવા માટે આવ્યા છીએ; માટે તમે અમારી સાથે ચાલો અને અમોને મંદિર દેખાડો.” ત્યારે રામભાઈ તત્કાળ શ્રીજીમહારાજની સાથે મંદિરમાં ગયા.

તે સમયે મંદિરમાં અંધારું હતું, તોપણ શ્રીજીમહારાજની મૂર્તિમાંથી તેજ ઉત્પન્ન થયું તેણે કરીને મંદિરમાં પણ પ્રકાશ પ્રકાશ થઈ ગયો. અંધકાર તો સર્વે નાશ પામ્યો. ત્યારપછી શ્રીજીમહારાજ તો તે મંદિરમાં ચારેય બાજુ ભીંતમાં રહેલી ખીંટીઓ તથા બારીઓ તથા દરવાજા વગેરેમાં પોતાના હસ્તકમળ ફેરવવા લાગ્યા ને વાઘજીભાઈની પ્રશંસા કરવા લાગ્યા જે, “અહો ! વાઘજીભાઈએ મંદિર બહુ સારું કરાવેલ છે. વળી તેમાં ખીંટીઓ, બારીઓ, દરવાજા આદિક બહુ સારાં કરાવેલ છે.” એવી રીતે વાઘજીભાઈની ઘણી પ્રશંસા કરતા હતા. તે સાંભળીને રામભાઈના

મનમાં એમ થયું જે, શ્રીજીમહારાજ તો મારા ભત્રીજાની જ પ્રશંસા કરે છે, પણ મારું તો નામ પણ લેતા નથી. તેનું શું કારણ ? વળી રામભાઈને વિચાર થયો જે, આ મંદિર કરવામાં મેં કાંઈ પણ સેવાનો લાભ લીધો નથી તે મારી મોટી ભૂલ થઈ છે અને તેથી જ શ્રીજીમહારાજ મારી કાંઈ વાત કરતા નથી. એવી રીતે પોતાના મનમાં વિચાર કરીને અતિશય પશ્ચાત્તાપ કરવા લાગ્યા.

પછી રામભાઈએ શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ ! વાઘજીભાઈને જગાડું ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અત્યારે અમારે જવાની ઉતાવળ છે. માટે વાઘજીભાઈને જગાડશો નહિ અને રામભાઈ ! આ અમારી પ્રસાદીની ચાદર લ્યો ને તે ચાદર વાઘજીભાઈને આપજો. કારણ કે, વાઘજીભાઈએ અમારું મંદિર બહુ સારું કરેલ છે. તેથી તેમના ઉપર અમે અતિશય પ્રસન્ન થયા છીએ." ત્યારે રામભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! આ તમારી ચાદર અમારાથી કેમ લેવાય ? કારણ કે અમારે દેવાનું હોય લેવાનું ન હોય, માટે અમારાથી તે લેવાય નહીં." એમ કહીને તે ચાદર રામભાઈએ લીધી નહીં. ત્યારે તે સમયે શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા.

ત્યારપછી રામભાઈએ તે જ સમયે વાઘજીભાઈને જગાડ્યા અને સર્વે વાત કહી સંભળાવી જે, "વાઘજીભાઈ ! શ્રીજીમહારાજ તો તમારી ઉપર બહુ જ રાજી થયા ને તમારાં જ અતિશય વખાણ કર્યાં, પણ મારું તો નામ પણ ન લીધું. વળી, શ્રીજીમહારાજે પોતાની પ્રસાદીની ચાદર આપવા માંડી અને કહ્યું જે આ ચાદર તમે લ્યો અને વાઘજીભાઈને આપજો પણ તે મારાથી લેવાણી નહીં." વાઘજીભાઈએ કહ્યું જે, "કાકા ! તમે તો



બહુ જ ખોટું કર્યું અને મોટી ભૂલ કરી. કારણ કે તે ચાદર તો અવશ્ય લીધા જેવી હતી. કેમ જે, એવી પ્રસાદીની ચાદર બહુ મોટા ભાગ્યવાળાને મળે છે, પણ સર્વને તેવી પ્રસાદીની વસ્તુ મળતી નથી. માટે કાકા તમે તો અતિ મોટી ભૂલ કરી, પણ હવે શું થાય ?" એવી રીતે કહીને વાઘજીભાઈ ઘણો પશ્ચાત્તાપ કરવા લાગ્યા.

રામભાઈએ પ્રસાદીની ચાદર લીધી નહિ તેનું કારણ એ હતું કે, પોતે શ્રીજીમહારાજને મળેલા હતા અને ઘણી વખત શ્રીજીમહારાજની સાથે પણ રહેલા હતા, પરંતુ મહામુક્ત એવા જે બ્રહ્મવેત્તા સંત તેમનો સમાગમ કરેલ નહીં. તેથી તેનું માહાત્મ્ય સમજાયું ન હતું, તેમજ વાઘજીભાઈને જેવી ભગવાનને વિશે સ્થિતિ હતી તેવી સ્થિતિને પણ તેઓ પામ્યા ન હતા; જ્યારે વાઘજીભાઈ તો શ્રીજીમહારાજને મળ્યા પણ નહોતા, તોપણ મહામુક્ત સદ્.આનંદાનંદ સ્વામી, સદ્.અચ્યુતદાસજી સ્વામી, સદ્.અક્ષરજીવનદાસજી સ્વામી તથા માંડવીના વિપ્ર લક્ષ્મીરામભાઈ એ આદિક મહામુક્ત પુરુષોને સેવા-સમાગમે કરીને પ્રસન્ન કર્યા હતા અને તેમના રૂડા આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. તેણે કરીને વાઘજીભાઈ ઉત્તમ એવી જે બ્રહ્મસ્થિતિ તેને પામ્યા હતા. તેથી તેઓ શ્રીજીમહારાજનો અને તેમને હૃદયમાં અખંડ ધારી રહેલા સંતો-ભક્તોનો અને શ્રીજીમહારાજે પ્રસાદીની કરેલી કોઈ પણ વસ્તુનો અતિશય મહિમા જાણતા હતા.

માટે વહાલા ભક્તો ! ગમે તેવા મોટા હોઈએ અને ભગવાનને મળેલા હોઈએ, તોપણ સંતના સમાગમ વિના ભગવાનનો, ભગવાનના સંતો-ભક્તોનો તથા ભગવાનના સંબંધમાં આવેલી પ્રસાદીની વસ્તુનો મહિમા સમજાતો નથી. માટે હંમેશાં ભગવાનના ભક્તોએ સંત સમાગમ કરવો જ જોઈએ; તો જ ભગવાનનો અને સાચા સંતોનો અને સત્સંગીઓનો તેમજ ભગવાનની પ્રસાદીનો મહિમા સમજાય છે, પણ તે વિના સમજાતો નથી.



# સંપની આપત્તિ

લેખક : સાધુ સંકીર્તનદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ગામડેથી સુરત આવ્યા, અને ગારમેન્ટની નાની એવી દુકાનના માધ્યમે ઘરનો વ્યવહાર ચલાવતાં અશોકભાઈને પંદરેક વર્ષ થયા. ૨૦૧૫માં સંતોના કોન્ટેકમાં આવતાં અશોકભાઈ તથા તેમના આખા પરિવારને ખૂબ જ સારો સત્સંગનો રંગ લાગ્યો. રેગ્યુલર સવારની કથા, રવિસભા અને ઘરસભા પણ તેઓ કરવા લાગ્યા. અને દીકરાઓ તનય અને તુષાર પણ અચૂકપણે યુવાસભાનો લાભ લેતા. સત્સંગના નાના-મોટા પ્રસંગોમાં સૌ ઉત્સાહથી સેવા કરતા. વળી, મહેશભાઈ પણ ફેમિલી લીડર તરીકે તેમના સત્સંગનું ખૂબ જતન કરતા.

ભગવાનની દયાથી આવ્યા પ્રસંગ આરામથી પાર પડે તેવો સુખદ વ્યવહાર ચાલતો હતો. દીકરાઓના મેરેજ થયા એને છ વર્ષ થયા છતાં સૌ આનંદથી એક રસોડે જમતા. પુત્રવધૂઓ પણ નીલા આંટીને સગી માની જેમ સાચવતી. કોરોના પછી તો બંને દીકરાઓએ અશોકભાઈનો તમામ કાર્યભાર માથે ઉપાડી લીધો. યુવાનીનો થનગનાટ હતો અને ‘કુછ કરકે દિખાના હૈ’ આવા ઉત્સાહથી બંનેએ ધંધો એવો તો વધાર્યો કે ચાર વર્ષમાં સુરત, અમદાવાદ, બરોડા અને રાજકોટ જેવા શહેરોમાં તેમના ઘરના શો રૂમ થઈ ગયા. નવો બંગલો, બંગડીવાળી ગાડી અને ફોન તો હવે એપલનો જ હોય ને...

મહારાજની દયાથી છેલ્લા ત્રણ વર્ષમાં સુવિધા અને સંપત્તિ તો દરિયાની ભરતીની જેમ વધવા લાગ્યાં, પણ સાથેસાથે સત્સંગ અને સંપમાં ઓટ પણ એટલી જ આવવા લાગી. મહેશભાઈ ઘણી વાર તનય અને તુષારને ટોકતા. નિયમિત સભા ભરવા અને સંતોનો કોન્ટેક કરવા યાદી પણ આપતા, પણ રૂપિયાનો રાહુ જાણે તેમની મુમુક્ષુતાને રોજરોજ ખાઈ રહ્યો હતો. ધંધો વધારવાની ધૂનમાં પાછું વળી ભજન કરવાનું તો સાવ ભૂલાઈ જ ગયું.

વડતાલના દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પિતા અશોકભાઈના આગ્રહથી બંને દીકરાઓએ મને કમને પદયાત્રાનો લાભ તો લીધો, પણ તેમની જીવનયાત્રા કંઈક અલગ જ દિશા પકડી રહી હતી. સવારની કથા તો શું, યુવાસભા અને રવિસભા પણ છેલ્લા છ મહિનાથી વિસારે પડી. હવે તો નવા નવા પ્રોજેક્ટ અને નવી નવી સુવિધાઓ વસાવવામાં જ તેમની બધી ઈન્કમ વપરાઈ જાતી. "રળવા જેવો તો એક રાજીપો જ છે." આ સૂત્ર તો જૂના ઘરની દીવાલો પર જ રહી ગયું.

વળી, પપ્પાની શિબિર કરાવવાની ઈચ્છા અને મમ્મીને મહારાજનાં ઘરેણાં કરાવવાની ઈચ્છા તો મનની મનમાં જ રહી જતી. જ્યારે પણ તેઓ કહે તો બંને દીકરાઓનો એક જ જવાબ હોય 'આ વર્ષે રહેવા દો ને.' પણ હા, પાછું કોઈને પૂછ્યા વિના હમણાં જ દસ દિવસની દુબઈની ટુર તો ગોઠવી જ દીધી. મમ્મી-પપ્પાને તો આગલા દિવસે જ ખબર પડી, પણ લાચાર મા-બાપને પૈસાની પ્રગતિ સાથે થતી પરિવારની પનોતી જોઈ રહેવા સિવાય કંઈ છૂટકો જ ન હતો. છેવટે તેઓની ચિંતા હકીકત બની ગઈ .

બંને દીકરાઓ ફેમિલી સાથે જે હોંશથી અને હસતા ચહેરે દુબઈ ગયા હતા, તે બધો ઉમંગ પરત આવતાં જ ઓસરી ગયો. ઘરે આવતાં જ સૌ સૌના રૂમમાં. સવારના નાસ્તા વખતે અશોકભાઈએ જરા હળવાશથી પરિસ્થિતિ જાણવાની કોશિશ કરી કે તરત જ તુષારે અત્યંત ઉગ્રતા સાથે મોટાભાઈ પરત્વેના ઉકાળા ઠાલવવા માંડ્યા. સામે ભાઈ અને ભાભી પણ વટે ચડ્યાં. પરિસ્થિતિ ગંભીર થાતાં થાતાં એટલી હદે પહોંચી કે બંનેએ અલગ થવાનો મક્કમપણે નિર્ણય લઈ લીધો, પરંતુ સમજુ પિતાએ પરિસ્થિતિને ઠારતા નિર્ણય થોડો મુલતવી રખાવ્યો.

બીજે દિવસે તેમણે બંને દીકરાઓને પ્રેમથી બોલાવી સમજાવ્યું કે, "મહારાજની કૃપાથી અને સંતોના આશીર્વાદથી આજે આપણે પૈસે ટકે તો ખૂબ સુખી છીએ, પણ સાચું કહું તો આ **પૈસા પરિવારના પરસ્પરના પ્રેમમાં એવા પડદા ઊભા કરે છે કે, કોઈ કોઈની લાગણીને જોઈ શકતા નથી. અને સૌ સૌની દુનિયામાં મસ્ત રહેવા લાગે છે.** તમારા બંનેનો સંપ તૂટવાનું મુખ્ય કારણ કોઈ હોય તો એ છે : સંપત્તિ.

પૂ. ગુરુજીએ ઘણી વાર કથામાં કહ્યું છે કે, **"પૈસા વધે પછી તમામ નિર્ણયો વધેલા પૈસા જ લેવડાવે છે."** પૈસા ફક્ત સંપ તોડાવે છે એટલું જ નહિ, પણ કોટી જન્મે પણ ન મળે તેવો સત્સંગ પણ છોડાવે છે. જો મહારાજે તમને આટલી સફળતા અને સંપત્તિ આપી ન હોત તો તમે હજુ નિર્માનીપણે સત્સંગ કરતા હોત, હજુ રેગ્યુલર સવારની કથા અને યુવાસભા ભરતા હોત, હજુ તમારું લક્ષ્ય પૈસા નહીં પરમાત્મા જ હોત. દીકરાઓ ! **પૈસાનો પાવર એટલો ખતરનાક છે કે જીવને પરમેશ્વર સુધી પહોંચવા જ દેતો નથી.** ઘરમાં, ધંધામાં, દેશમાં કે પછી કોઈ ધાર્મિક સંસ્થામાં જ્યાં પણ પૈસા વધે છે ત્યાં કુસંપ પણ એટલો જ વધે છે. 'સંપત્તિનો સંચય સંબંધ અને સંસ્કારોનો ક્ષય નોતરે છે.' માટે ડાહ્યા હોય તેમણે પૈસા પાછળ કદી પાગલ ન થવાય.

અને પૂ.ગુરુજીએ શીખવ્યું છે તેમ **હરિઈચ્છાથી જો જરૂર કરતાં વધુ રૂપિયા મળે તો તે મોજમાં વપરાઈ જાય તે પહેલાં મહારાજ અને મહારાજના લાડલા સંતો-ભક્તોના સુખાર્થે વાપરી તેને રાજીપામાં કન્વર્ટ કરી લેવાય.** રાજીપારૂપી નાણું જ અમર છે. માટે મારું માનો તો સંપની આપત્તિ સમી આ સંપત્તિનો સદ્‌વ્યય કરી સહજાનંદ મળી જાય તેવું કરી લેવું જોઈએ.

પિતાની પ્રેમભરી વાત બંનેના હૃદયને સ્પર્શી ગઈ અને સજળ નેત્રે બંને દીકરાઓએ અશોકભાઈની માફી માંગી પરસ્પર ભેટ્યા. અને હવેથી એકમાત્ર મહારાજને જ પામી જવાનો ગોલ રાખી, એક સત્સંગીને છાજે તેવું સરળ અને સાદગીભર્યું જીવન જીવવાની અને વધારાની તમામ સંપત્તિ સત્સંગ અર્થે જ વાપરીને રાજીપાના ધણી બનવાની પ્રતિજ્ઞા લીધી.



# ભૂલકણો મિત્ર

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

બેટા પ્રયાગ ! આવતીકાલે શનિવાર છે. આપણી ઘરસભામાં એક કાર્યક્રમ કરવો છે. એમાં આપણે કથાના સારા સારા પોઇન્ટની ચર્ચા કર્યા બાદ દરેક સભ્યોએ પોતાને સ્પર્શેલા ૨-૨ પ્રસંગો કહેવાના છે; માટે વિચારી રાખજે, તારે પણ કહેવા પડશે. હા પપ્પા, કાલે તો હું કહીશ જ; પણ જો તમે અત્યારે ફ્રી હો તો હમણાંનો જ એક ફ્રેશ પ્રસંગ તમને સંભળાવવો છે. રસોડામાં સાંભળી રહેલ પ્રયાગની મમ્મીએ બૂમ પાડી, “પ્રયાગ, પાંચ જ મિનિટમાં આવું છું. મારે પણ...” પ્રયાગ વાત શરૂ કરે ન કરે ત્યાં તો દાદા-દાદી પણ પહોંચી ગયાં. ને સૌ કાન માંડીને વાત સાંભળવા લાગ્યાં.

પ્રયાગે વાત શરૂ કરી... “હા, તો વાત છે મારા ભૂલકણા મિત્ર અર્પિતની. ચાર-પાંચ દિવસ પહેલાં તે અમદાવાદ કામ પ્રસંગે ગયો હશે. રામજીકાકાએ તેને કહ્યું કે મારો દીકરો કુલદીપ અમદાવાદમાં જ રહે છે, તું તેની પાસેથી મારો પાસપોર્ટ લઈ આવજે. બીજે દિવસ અર્પિત અમદાવાદ ગયો ને કામ પતાવી સાંજના સમયે પાછો આવ્યો. ઘેર જતી વખતે રસ્તામાં પહેલું મકાન રામજીકાકાનું આવે. કાકા બહાર ખાટલો નાંખી વાહર ખાતા હતા. અર્પિતને જોતાંવેંત રામજીકાકાએ તેને પૂછ્યું, “મારા પાસપોર્ટનું શું થયું ?” અર્પિતે કહ્યું, “કાકા એમાં એવું થયું ને ! એ તો હું...” અર્પિતના અધૂરા શબ્દો પૂરા થવાની રાહ ન જોતાં કાકાએ તો તેના ઉપર ધાબડિયો વરસાવવા માંડ્યો. આ પ્રસંગે અર્પિત “સોરી કાકા ભૂલાઈ ગયું” એટલું કહી શાંત ચિત્તે વરસતી કૃપાને વધાવતો રહ્યો.

તારો બાપ પણ ભૂલકણો ને તું પણ એવો જ ભૂલકણો રહ્યો. આવી અગત્યની વસ્તુ બાબતે તારે લખી લેવું જોઈએ. મને શું ખબર કે તું ભૂલી જવાનો છું, નહિ તો હું પૈસા આપીને કુરીયરમાં મંગાવી લેત. અર્પિત તો “સોરી કાકા...” એટલા જ શબ્દો રિપીટ કરતા રહી કાકાને શાંતિથી સાંભળતો રહ્યો. હું બાજુમાં ઊભો હતો, તે મેં પણ એવાં જ બે-ત્રણ ટમકાં મૂકી દીધાં. યાર અર્પિત ! કાકા જેવું પાત્ર, ને તેમનું કામ તું ભૂલી જા એ સારું ન કહેવાય. આજ સુધી એમણે આપણા માટે કેટકેટલું કર્યું છે ! આવું કેટલુંક લેક્ચર આપી હું બંધ થયો.

ત્રણેક દિવસ થયા હશે. બપોરના સમયે એક ભાઈ કાકાને ઘેર આવી એક નાનકડું પાર્સલ આપી ગયા. કાકાએ પાર્સલ ખોલ્યું. જોયું તો તેમાં પોતાનો પાસપોર્ટ અને સાથે એક નાની એવી ચીઠ્ઠી. કાકાએ એમાં લખેલું વાંચવા માંડ્યું, “સોરી પપ્પા ! મારે લઈને આપનો પાસપોર્ટ થોડો અટવાઈ ગયો. તિજોરીની ચાવી તો હતી, પણ તેના અંદરના ડ્રોવરની ચાવી મારાથી ક્યાં મુકાઈ ગઈ ? એ હું ભૂલી ગયો હતો. ઘણી ગોતવા છતાં પણ કેમેય ન મળી. જો કે અર્પિત ગયો ત્યારપછી તો શોધતાં શોધતાં તે દિવસે રાત્રે જ મળી ગઈ હતી; પરંતુ તે દિવસે... બસ તે દિવસની વાત જણાવવા માટે જ આ ચિઠ્ઠી લખી છે. સાચું કહું પપ્પા, મને ઘણું બધું શીખવા મળ્યું. અર્પિતની જગ્યાએ હું હોઉં તો મારાથી આવું ન થાય. એની સેવાભાવના, ધીરજ, તમારા પ્રત્યેનો પ્રેમ અને એનામાં રહેલ આધ્યાત્મિક ઊંચાઈ મને ઘણું કહી ગઈ.

અર્પિત ખરેખર તો એના ઈન્ટર્વ્યૂના કામે આવેલો; પરંતુ મને આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે ક્યાં અમદાવાદનો આ છેડો ને ક્યાં બીજે છેડે આવેલું મારું મકાન. પપ્પા ! આપના પાસપોર્ટ માટે ૨૪ કિલોમીટરનું

અંતર કાપીને તેણે ટ્રાફિકમાં દોઢ કલાક કાઢ્યો. વળી, ચાવી હમણાં મળી જાય, હમણાં મળી જાય... એમ કરતાં મારે ઘેર પણ તે સવા કલાક જેટલું બેઠો. મારા ભૂલકણા સ્વભાવ ઉપર મને દાઝ તો ઘણી ચડી, પણ શું થાય ? ચાવી ન મળતાં છેવટે મારે તેને એમ જ રજા આપવી પડી.

મમ્મી ! ચિઠ્ઠીનું આટલું લખાણ વાંચી રામજીકાકા તો વિચારે ચડી ગયા." મમ્મીએ કહ્યું, "બેટા પ્રયાગ ! ખરેખર તો રામજીકાકાનો દીકરો કુલદીપ ચાવી ભૂલી ગયો હતો, પણ અર્પિતે કાકાની માફી કેમ માંગી ? હું ભૂલી ગયો એમ કેમ કહ્યું ?" "હા મમ્મી ! એ જ વાત છે તો... પછી તો આ બાબતે રામજીકાકા અર્પિતને પૂછે એ પહેલાં મેં જ એને પૂછી લીધું. એ વખતે અર્પિતે વાત વાળી લેતાં મને ટૂંકમાં કહ્યું, "પ્રયાગ ! આવા કોઈક નિમિત્તમાં આપણા અંતરનું-સમજણનું-અહંનું વગેરે બધાયનું ટેસ્ટિંગ થઈ જતું હોય તો "એ ભૂલી ગયા" એમ કહીએ કે "હું ભૂલી ગયો" એમ કહીએ; તેમાં શું ફરક પડવાનો છે !"

મમ્મી, હું મારા મિત્ર અર્પિતને ભૂલકણો જ કહીશ. કેમ જે, એ પણ ભૂલી જવાના સ્વભાવવાળો જ છે; પરંતુ એનામાં ફેર એટલો છે કે તે કોઈએ સોંપેલું કાર્ય નહિ, પણ કાર્યનો યશ લેવાનું ભૂલી જાય છે. ભક્તિને નહિ પણ સામાની ભૂલોને ભૂલી જાય છે. કોઈએ કરેલ ઉપકારોને નહિ પણ અપકારોને ભૂલી જાય છે. સંતો-ભક્તોના સ્નેહને નહિ પણ સ્વભાવને ભૂલી જાય છે. તેની આ ઊંચાઈ સામે મારા પગ લબડી પડે છે, આ વાત અને મારા વર્તનને લાખ ગાઉં છેટું છે; તેમ છતાં આ વાતથી મને ખૂબ અસર આવી છે.

અને હા, આ પ્રસંગ બાદ રામજીકાકાએ મને અર્પિતની બીજી પણ કેટલીક વાતો કરી. તેમણે મને કહ્યું, "બેટા પ્રયાગ ! આ સત્સંગમાં એક બાજુ કેટલાક સિતારાઓ આવા કોઈક પોઈન્ટ ઉપર સવળું લેવાનો અભ્યાસ કરી લેતા હોય છે. ને બીજી બાજુ તેનાથી અજાણ મારા જેવા તેના ઉપર ધાબડિયો વરસાવનારા પણ હોય છે. આ બેમાં પ્રભુ કૃપા કરે કે બીજા નંબરમાં આપણો વારો કદી ન આવે. બેટા, કદી ન આવે. સત્યની જાણ થતાં હવે મને એટલું જ કહેવાનું મન થાય છે કે અર્પિત જેવાં અમૂલ્ય રત્નો પકવનાર આ સત્સંગ દિવ્ય અને અદ્‌ભુત છે.

વહાલા ભક્તો ! રામજીકાકાને કુલદીપનું લખાણ વાંચ્યા પછી તો બધો ચિતાર આવી ગયો, ચિત્ર ચોખ્ખું થયા પછી તો વાત સમજાઈ ગઈ; પરંતુ પોતાના પાસપોર્ટમાં પરોવાયેલા આ બુજર્ગને પહેલાં ક્યાં ખબર હતી કે અર્પિત અમદાવાદમાં જ્યાં જવાનો છે ત્યાંથી મારા દીકરાનું ઘર કેટલું દૂર થાય છે ? કાકાને પહેલાં ક્યાં ખબર હતી કે ખરેખર કોણ ભૂલકણા ને કોણ ભીડાભક્તિ કરનારા છે ? બસ, એ તો બીજી સાઈડ જોયા-તપાસ્યા વગર સીધી જ એક્શન લેનાર વડીલની પોસ્ટ ઉપર એમ જ ઊભા હતા. કોઈ પ્રસંગે જ્યારે આપણે વડીલ તરીકેનો રોલ ભજવવાનો થાય ત્યારે ચોક્કસ આગળ-પાછળ જોવું-વિચારવું જોઈએ; પરંતુ પ્રભુ પોતે જ આવા કોઈક વડીલરૂપે રહીને આપણી કસોટી કરતા હોય ત્યારે તો આપણામાં અર્પિત જેવું જ નમ્ર-વિનમ્રપણું હોવું જોઈએ.

પ્રયાગના મુખે અર્પિતનો સવળું લેવાનો આ તાજેતરનો પ્રસંગ સાંભળી અન્ય સભ્યોને પણ એવા જ કેટલાક પ્રસંગો યાદ આવવા લાગ્યા. આખું ફેમિલી ભેગું થઈ પરસ્પર પ્રસંગો કહેવા લાગ્યાં, તે દોઢ કલાક કેમ વીતી ગયો એની કોઈને ખબર ન રહી ! સૌનાં હૃદય ભરાઈ ગયાં. દાદાએ કહ્યું, " બેટા હવે આપણે શનિવારની રાહ નથી જોવી; કાયમ આવી ઘરસભા ચાલુ જ રાખવી છે. જેટલા હાજર હોય એટલાએ આવા પ્રસંગો પરસ્પર કહી જ દેવાના." સર્વની સહમતી સાથે ઠરાવ પાસ થઈ ગયો. હવે તો આ કલમ સમગ્ર પરિવારજનોની પ્રગતિ અને પરમ આનંદનું મૂળ બની ગઈ.

વહાલા ભક્તો ! આપણે પણ અરસપરસ આપણા પરિવારજનો તેમજ મિત્રમંડળને આવા પ્રેરક પ્રસંગો કહેતાં-સાંભળતાં રહીશું, તો આપણામાં પણ સદ્‌ગુણોનો સંચાર થશે. અર્પિત જેવી ઊંચાઈ કેળવવાનો અભ્યાસ કરતા રહીશું, તો આપણે પણ મહારાજ અને મોટાને ગમીએ એવા ગુણિયલ પાત્ર બની જઈશું.



# જગદીશ્વરનું જજમેન્ટ

લેખક : સાધુ મૂર્તિસ્વરૂપદાસ   ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી


દરેક માણસો બીજા વ્યક્તિઓ પરત્વેનું અલગ અલગ જજમેન્ટ પોતાની બુદ્ધિનાં બીબાં અનુસાર બનાવતા હોય છે, પણ તે ક્યારેક સાચાં હોય છે અને ક્યારેક ખોટાં પણ હોય છે. આપણા ભારત દેશમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ નીચે ન્યાય પ્રણાલિકા છે. તે જે તે બંધારણ અનુસાર કામ કરે છે. તે પણ કાયદા-કાનૂનને અનુસાર કોઈ પણ વ્યક્તિ માટે પોઝિટિવ કે નેગેટિવ જજમેન્ટ આપતું હોય છે. પુરાવા અને દલીલોના આધાર પર આપણી ન્યાય પ્રણાલિકા પોતાનું જજમેન્ટ આપતી હોય છે.

આપણી શિક્ષાપત્રી તે આપણું બંધારણ છે. પૂ.ગુરુજી તથા પૂ.સંતોની મરજી તે આપણી લક્ષ્મણરેખા છે. તેનું જો આપણે ઉલ્લંઘન કરીએ તો આપણને જગદીશ્વર દુઃખરૂપી જજમેન્ટ આપવાના જ. જેથી આપણી કસર ટળે ને વધુ સાવધાન થઈએ. પરંતુ વહાલા ભક્તો, આપણા વહાલા મહારાજનું જજમેન્ટ કાંઈક અનોખું જ હોય છે. કહેવાય છે ને કે, ધણીનું કોઈ ધણી નથી; તેમ ભગવાન જે જજમેન્ટ પોતાના ભક્તજન માટે કરતા હોય છે, તે રાગ-દ્વેષ અને મોહથી ઉપર ઊઠીને આપણા માટે સારામાં સારું જજમેન્ટ આપતા હોય છે. જગતના પિતા એવા જગદીશ્વરના જજમેન્ટમાં કોઈ દિવસ રાગ-દ્વેષ કે મોહનો છાંટો પણ હોય નહિ; એવું તેમનું નિષ્પક્ષ અને હિતાવહ જજમેન્ટ હોય છે.

સુરત શહેરમાં એક વિશાળ મંદિર હતું. ત્યાં અનેક પ્રકારના ભક્તો ભગવાનની પૂજા-અર્ચના અને પ્રાર્થના કરવા માટે આવતા હતા. એક દિવસ એક મોટા ધનિક શેઠ ભગવાનનાં દર્શન કરવા માટે આવ્યા અને ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા, હે ભગવાન ! મારું સારું કરજો. મારી આવક વિશેષ વધે, મારો ધંધો પણ ખૂબ સારો થાય. આ શેઠનો સ્વભાવ ખૂબ લોભી હતો. તે દાન માટે એક રૂપિયો પણ કાઢતા ન હતા અને કોઈ દિવસ જરૂરિયાતમંદને પણ મદદ કરતા ન હતા; એવો તેમનો સ્વભાવ હતો. આ શેઠ દર્શન કરીને દંડવત-પ્રદક્ષિણા કરીને મંદિરમાંથી ચાલ્યા, ત્યારે તેમના ખિસ્સામાંથી ૫૦૦૦ રૂપિયા મંદિરમાં પડી ગયા.

થોડા સમયમાં એક ગરીબ ખેડૂત ભગવાનનાં દર્શન કરવા આવ્યો. તે ગરીબ ખેડૂત ખૂબ મહેનતુ

હતો. તે મંદિરમાં શ્રીહરિજી તથા સંતોની ખૂબ સેવા કરતો. અને જે કાંઈ પાંચ-દસ રૂપિયા કમાતો, તેમાંથી તે દાન-ધર્માદો પણ કાઢતો. તેને ખૂબ મંદી હોવાને કારણે ૫૦૦૦ રૂપિયાની જરૂર હતી. તેથી તે ભગવાનની આગળ પ્રાર્થના કરવા માંડ્યો, હે મહારાજ ! મારે અત્યારે પૈસાની ખૂબ જરૂર છે, માટે તમે ૫૦૦૦ રૂપિયાનો બંદોબસ્ત કરાવી આપો તો સારું. પછી દંડવત્-પ્રદક્ષિણા કર્યા બાદ જ્યારે એ જતો હતો ત્યારે તેને મંદિરમાંથી ૫૦૦૦ રૂપિયા મળ્યા. તે જોઈ ખુશ થઈ ગયો અને ભગવાને મારી પ્રાર્થના સાંભળી રૂપિયા આપ્યા; એમ માની ભગવાનનો ખૂબ આભાર માનતો રૂપિયા લઈ ઘેર ગયો.



થોડાક સમય બાદ એક નૌકાદળમાં કામ કરતો યુવાન ત્યાં દર્શન કરવા આવ્યો. હજુ તો તે ભગવાનને દંડવત્-પ્રદક્ષિણા કરતો હતો, ત્યાં જ પેલો શેઠ પોલીસને લઈને મંદિરે આવ્યો અને તેને પોતાના ૫૦૦૦ રૂપિયા ચોરી થયાની શંકા એ યુવાન ઉપર નાખી. તેથી પોલીસે તેને ત્રણ દિવસ માટે જેલમાં પૂરી દીધો. જેલમાં રહ્યો રહ્યો તે ભગવાનને ફરિયાદ કરવા લાગ્યો કે, "હે ભગવાન ! મેં તમારો શું ગુનો કર્યો હતો કે, તમે મને જેલમાં નખાવ્યો ? મેં એવો તે શું અપરાધ કર્યો છે ?" એમ કહીને ભગવાનને પ્રશ્ન કરવા લાગ્યો. પછી ત્રણ દિવસની અંદર સમાચાર આવ્યા કે, સમુદ્રમાં ખૂબ મોટું તોફાન આવ્યું અને તેમાં કેટલાક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ સાંભળીને યુવાનના આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને તેને ભગવાને આપેલ આ જજમેન્ટનું ખૂબ મહત્ત્વ સમજાયું.

આ વાર્તામાં જે ત્રણ પાત્ર હતાં, તેની સાથે ભગવાને કેવાં જજમેન્ટ સાથે ન્યાય કર્યો; તે આપણે જોઈ શકીએ છીએ. જે ખૂબ મહેનતુ અને સંતોની સેવા કરતો હતો તેને ભગવાને મદદ કરી. જે એક રૂપિયો પણ ગરીબ વ્યક્તિ કે મંદિર માટે ખર્ચતો ન હતો, તેની પાસેથી ભગવાને તે રૂપિયા ગરીબ માટે વપરાવ્યા. અને પેલો યુવાન; જે ખૂબ શ્રદ્ધાળુ-ભક્તિવાળો હતો, તેનો ભગવાને જીવ બચાવ્યો.

વહાલા ભક્તો ! વચનામૃતમાં ભગવાનને સાફ શબ્દમાં કહ્યું છે કે, "ભગવાનના ભક્તને કાળ, કર્મ અને માયા તે નડી શકતાં જ નથી. ભગવાનના ભક્તને જે કાંઈ દુઃખ આવે છે, તે તો તેની કસર ટાળવા માટે ભગવાન તેને તે દુઃખ આપે છે."

ભગવાન પોતાના ભક્તોને પોતાના દીકરાની જેમ માને છે અને પ્રભુનું દરેક જજમેન્ટ એના ભક્ત માટે ખૂબ જ હિતકારી હોય છે. જેમ હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ કાયદા-કાનૂનના ઉલ્લંઘન ઉપર દંડ અને સજા ફટકારે છે, તેમ જ આપણા ભગવાન જ્યારે આપણે શિક્ષાપત્રીની આજ્ઞા અને મોટાની મરજીનું ઉલ્લંઘન કરીને વર્તીએ છીએ ત્યારે આપણને દુઃખ આપે છે એટલે કે સજા આપે છે.

ટૂંકમાં, જગદીશ્વરનું જજમેન્ટ એટલે મા–બાપને જેમ પોતાના બાળક વિશે પ્રેમ હોય છે એવું હોય છે. મા-બાપ જેમ બાળકને વઢી, ટોકી અને પ્રેમ આપીને દંડ આપે છે, તે તેને સારો અને મહાન માણસ બનાવવા માટે હોય છે; ભલે એ બાળકને અત્યારે ખબર ન પડે, પરંતુ એની એને લાંબા સમયે ખબર પડે છે. બસ, જગદીશ્વરનું જજમેન્ટ પણ આપણા માટે કંઈક એવું જ હોય છે.



# સંત પરમ હિતકારી

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ   ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ગામમાં એક તમોગુણી વઢકણી બાઈ રહેતી હતી. તે આખો દિવસ ગામમાં જેને મળે તેને ગાળો દે. ગામના લોકોએ વિચારીને રોજ તેની સાથે વઢવાના બધાના વારા બાંધી દીધા. જેનો વારો હોય તેને ઘેર આ વઢકણી બાઈ સવારથી જાય ને સાંજ સુધી તેની સાથે વઢ્યા કરે.

એક દી એક ગરીબ બાઈનો વારો આવ્યો. તે દિવસે તેને ઘેર ચાર સંન્યાસી આવ્યા. બાઈએ તે સંન્યાસીઓને કહ્યું, "હું તમને જલદીથી જમાડી દઉં, ને જમીને તમે જતા રહો." સંન્યાસીઓએ પૂછ્યું, "કેમ આમ ?" બાઈએ ગામની વઢકણી બાઈની બધી વાત કરી. ત્યાં તો પેલી વઢકણી બાઈ શેરીના નાકેથી ગાળ્યો દેતી દેતી આવી કે 'રાંડ, આજે તારો વારો છે અને હજુ નવરી થઈ નથી.' બાઈએ કહ્યું, "જુઓ, પેલી બાઈ આવી ગઈ." સંન્યાસીઓએ કહ્યું, "કાંઈ વાંધો નહીં. તમે ઘરમાં શાંતિથી રસોઈ કરો. તમારા વતી આજે અમે તેને વઢી લઈશું. તમારે કંઈ બોલવાનું નહીં."

પછી સાધુ માળા લઈ ઓટલે બેઠા. વઢકણી બાઈએ તો આવીને સાધુઓને ગાળો દેવા માંડી કે, 'મફતનું ખાઈ ખાઈને શરીર વધાર્યાં છે...' સાધુઓએ નક્કી કરેલું કે, 'આજે આ બાઈનો સ્વભાવ સુધારીને તેનું કલ્યાણ કરવું.' બાઈ કલાક સુધી ગાળો બોલી ને જરાક શ્વાસ લેવા અટકી એટલે એક સંન્યાસીએ કહ્યું, "હાર ગઈ ?" એટલે તે બાઈ ફરીથી તાડૂકવા લાગી. આ બાઈ ગાળો દે તે દરમ્યાન એક એક સાધુ વારાફરતી અંદર જઈ શાંતિથી જમી લે અને પાછા ઓસરીમાં આવી માળા લઈ બેસી જાય. બાઈ જરા અટકે એટલે સાધુ એક જ શબ્દ બોલે, 'હાર ગઈ ?' ને બાઈ પાછું બોલવાનું શરૂ કરે.

આમ, કરતાં કરતાં સાંજ પડવા આવી. વઢકણી બાઈ થાકીને લોથ થઈ ગઈ. પછી તો સાધુ 'હાર ગઈ ?' બોલે તોપણ જવાબ આપવા સમર્થ રહી નહીં; આમ તેને થકવી દીધી. સાધુએ તેને કહ્યું, "તારે વઢવું હોય તો રોજ અહીં આવજે. બીજે જવું નહીં." ત્યારે બાઈએ કહ્યું, "હું કોઈ દી વઢતાં થાકી નથી. આજે થાકી. માટે હવે નહિ વઢું." આમ સાધુએ તેનો સ્વભાવ મુકાવ્યો.

વહાલા ભક્તો, ક્યારેક આપણું મન પણ આ વઢકણી બાઈ જેવું બની જાય છે, ત્યારે આપણે મનમાં કોઈ ભક્ત કે સંત સાથે ન બોલવાનું બોલવા લાગીએ છીએ, ને ક્યારેક તો વાણીથી પણ બોલી જઈએ છીએ; પરંતુ સદા બીજાનું હિત ઈચ્છતા સંતો-ભક્તો ધીરજ રાખીને આપણી અવળાઈ ને આડોડાઈ સહન કરીને આપણું હિત કરે છે.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું છે કે –

**સંત પરમ હિતકારી જગતમાંહી, સંત પરમ હિતકારી;**
**પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી.**

વળી કહેવાયું છે કે,

**मलयाचलगन्धेन त्विन्धनं चन्दनायते ।**
**तथा सज्जनसङ्गेन दुर्जनः सज्जनायते ।।**

વહાલા ભક્તો ! જેમ બળતણમાં કામ આવે એવું લાકડું મલયાચલ પર્વતના ચંદનના સંગે ચંદન બની જાય છે, તેમ સાધુના સંગે દુર્જન પણ સાધુ જેવો બની જાય છે. માટે આ શ્રીજીમહારાજના લાડીલા સદા સૌનું હિત કરનારા આ દિવ્ય સંતો-ભક્તોની મધ્યે પડ્યા રહેવું, તો આપણે પણ તેમના સેવા-સમાગમથી દિવ્ય બની જશું.



અ.નિ.પ.પૂ.શ્રીભજનપ્રકાશદાસજી સ્વામીની **૨૧મી** પુણ્યસ્મૃતિ નિમિત્તે કોટી કોટી વંદન...

**ભાવવંદના...**

અ.નિ.પ.પૂ.શ્રીઅચલસ્વરૂપદાસજી સ્વામીની **ચતુર્થ** પુણ્યસ્મૃતિ નિમિત્તે કોટી કોટી વંદન...

# સત્સંગ સમાચાર

## ● દિવ્ય અભિષેક તથા ભવ્ય સ્નાનોત્સવ-કુંડળધામ



WATCH VIDEO





શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ ખાતે પૂ.ગુરુજીની પ્રેરણાથી વિ.સં.૨૦૮૧, તા.૨૨/૦૬/૨૦૨૫, જેઠ વદ યોગિની એકાદશીના પાવન પર્વે શ્રીજીમહારાજ અને નંદસંતોએ જ્યાં અનેક વાર સ્નાન કરીને તીર્થત્વ બક્ષ્યું છે; એવી પાવનકારી ઉતાવળી ગંગામાં આ ચોમાસાના આગમન ટાણે આવેલા નિર્મળ નીરમાં વહાલા મહારાજના દિવ્ય અભિષેકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક ગામોમાંથી આ અભિષેકનો લાભ લેવા ભક્તો આવી પહોંચ્યા હતા. બપોરે ૧:૩૦ વાગ્યા આસપાસ સહુ સંતો-ભક્તો શ્રીસ્વામિનારાયણ ભગવાનના મંદિરના ચોકમાં એકત્ર થયા. રાજાધિરાજ ભગવાન શ્રીસ્વામિનારાયણને પાલખીમાં પધરાવવામાં આવ્યા. પૂ.ગુરુજીએ મહારાજનું પૂજન કર્યું. ત્યારબાદ મહારાજના અભિષેક માટે સૌ સંતો-ભક્તો મંદિરના ચોકથી વાજતે-ગાજતે ઉતાવળી ગંગાને આરે આવ્યા હતા.

ત્યારબાદ પૂ.ગુરુજી અને પૂ.સંતોએ વહાલા મહારાજ અને સેવ્ય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજનો દૂધ, દહીં, મધ, સાકર, કેસર જળ તેમજ પુષ્પ પાંખડીથી અભિષેક કરવામાં આવ્યો હતો. જેનાં દર્શન પામી સૌ ભક્તો ધન્ય બન્યા હતા. અભિષેક બાદ પૂ.ગુરુજી અને સૌ સંતો-ભક્તોએ ઉતાવળી ગંગામાં સ્નાનોત્સવનો પણ લાભ લીધો હતો. સાથેસાથે વહાલા મહારાજના શ્રીઅંગથી પ્લાવિત થયેલ અભિષિપ્ત દૂધનો પ્રસાદ લઈ સૌ ધન્ય બન્યા હતા. અંતમાં પૂ.ગુરુજીએ ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા.

## શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ




## શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

